Appendix

પરિશિષ્ટ

## શામળકૃત 'નંદબત્રીસી' : પાઠ*

### ચોપૈ

શ્રી ગુણપતને નામું શીશ આરાધૂ ઉમાયાપત ઈશ
શ્રી સારદા રહુ કર જોડ પુરો માત માહારા મન–કોડ ૧

શ્રી ધીગડમલ મોટો દેવ સૂરનાયક આદ્યે સહુ સેવ
બટુકનાથ મોટો માહારાજ જેહ પ્રતાપ થકી રેહે લાજ ૨

નોધારાની વાહારે ચડે વીકટ કાંમમાં આવી અડે
તેહની કરુણા છે અત ઘણી કહુ કથા નંદબત્રીસી તણી ૩

આદ્ય શક્તી તણો પરતાપ અધીક વર દે આપોઆપ
બ્રાંમણ ભાટ ચારણ જે વરણ કવીજન કેરાં વંદુ ચરણ ૪

પ્રબંધ ચાહતુરી સૂખવીલાસ કર જોડી કવી કેહે સાંમલદાસ ૫

### દુહો

પશ્ચીમ દશ નંદનનગર નંદસેન રાજાંન
રાજભાર અધીકા રખે વૈરોચન પરધાંન ૬

તે રાજા ઘણું, સાધવી ભોજ સમો દાતાર
કોક સમાંને રૂપ છે અરજંણનો અવતાર ૭

કાંમશાહાસ્ત્ર જાંણે ઘણું ચતુરશીરોમણી હોયે
હોસ રાગ નાટક વીખે નહી સમોવડ કોયે ૮

મહાભક્ત મહારાજનો કાંમ સમાને રુપ
અવીદ્યા એકે નહી સીલ સમાં તા ભુપ ૯

મગરપચારી મલપતો તેહમાં ઇશ્વરનું તેજ
દાંનદાયક લાયક ભલો હરીહર ઉપર હેજ ૧૦

પ્રતાપવંત પરધાંન છે જે રાજ તણો સીર ભાર
વરણ અષ્ટદશ સર્વ છે દક્ષ ઘણા દાતાર ૧૧

નગર અતી રલીઆંમણ જાંણે ઉદયો ભાંણ
પંડીત આદ્ય પરજા સહુ સકલ લોક સુજાંણ ૧૨

ઘેર ઘેર મંડપ દ્રાક્ષનાં વારુ એલચીવંન
પાંન ફૂલ વંન વાડીયાં અંનેક શોભા યે અંન ૧૩

કમલ ખીલાં સરોવર વીખે બોલે ચાત્રુક મોર
શરુયા શબ્દ સોહાંમણા મેનાં હંસ ચકોર ૧૪

રાંમરાજ સરીખડુ કોહોને નવ ગંજે કોયે
આંનંદઉછ્વ અતી ઘણો ઘેર ઘેર મંગલ હોય ૧૫

## ચોપૈ

એકે સમે પોતે રાજંન મહીપતીએ વીચારુ મન
તેહે સમે ગઇ છે મધરાત આલોચ કરે છે રુદયા સાથ ૧૬

બાધા ગાંમની ચરચા જોવુ માહારા મંનનો સંદેહે ખોઉ
નેક બદી કેહવી બોલાયે ન્યા અન્યા કેહેવો તોલાયે ૧૭

જોવુ પરજા સૂખી કે દુખી સુણુ વાત જોવુ બહુમુખી
જોવાકારણ થયો તયાર ભીડા અંગ કવચ હથીઆર ૧૮

ખાંડુ ખેડુ કરમાં ધરી ચાલો રાજા વેગે કરી
આપ એકલો પંથે પલો ગઢમઢ જોઈને તે વલો ૧૯

ચઉટુ ચાવડી જોયો ચોક જોયાં ઘડ મેડી ને ગોખ
મેહેલા કૂંચી શેરી પોલ જોઇ હાટ દુકાંની ઓલ ૨૦

જોયાં વ્યાપારીનાં હાટ જોઈ દશે દીશ વર વાટ
જોયું ગાંમ પછે આવ્યો બાર દીઠુ સરોવર સુધ વાર ૨૧

તે વેલાં એક ધોબી ધૂવે તેહને રાજા દ્રષ્ટે જાુયે
કરે વીચાર નગરનો ધણી આ વેલા કૂણ ધોયા તણી ૨૨

ભુત પ્રેત કે વંતર હસે બોલાવતાં અલોપજ થસ્યે
શને શને તે પાસે ગયો એટલે ધોબી ધોતો રહો ૨૩

સંધાતે બોલા બે જણા ભય લાગા મન માંહે ઘણા
'કૂણ' કહી દીધો સાદ માહોમાહોમાં લાગો વાદ ૨૪

રાજાયે જાંણુ 'કો ધોબી મુયો જીવ અવગતે ભુત હુયો'
ધોબીએ જાંણૂ 'કો આવો પ્રેત કપટે કરે મુજ સાથે હેત' ૨૫

## દુહો

રાજા કેહે 'તુ કોણ છે રે આ વેલાં આ દીસ
બોલ સાચુ ઉતાવલો નહી તો ખેદુ શીસ ૨૬

ભુત ભાગો બીહુ નહી ડાહાકણ કાહાડુ દૂર
રાખસને રોલુ અમો રે તુજને કરસુ ચૂર ૨૭

તારે પરીહટ બોલીયો આંણી મનમાં તાપ
'કોહો ભાગો(?) બીતો નથી સૂ છે ભુતાંનો બાપ' ૨૮

રાજા કેહે 'પરથમ કહુ હુ તો માહારુ નાંમ
પછે તુ તાહારુ કેહે તો થાયે આપરણુ કાંમ ૨૯

## છપૈ કવીત્ર

કરુ રંકને રાયે, રાયેને રંક કરીજે
માહારે વશ સહુ કોયે, કોયે વશ અમો ન રહીજે
અનમી એહ અહંકાર, સાર વાત દલમાં દાખુ
પુત્ર મીત્ર સહુ જંન, અન વસ લેખે રાખુ
મારણ પાલણ માંની અમો, પણ પરદેહ જીવ ઘાલુ નહિ
લખ જીવથી નીકલુ રે, તે એકલો આવો અહી ૩૦

## ચોપૈ

પરીહટે વીચારુ મન 'એ તો માહારો નંદરાજંન
ચતુરશીરોમણ એ છે રાયે હું પણ એહની છુ પરજાયે ૩૧

એણે નાંમ સમસ્યા કહું લખણ જોતામાં મેં લહુ
હું પણ માહારી રાખુ માંમ કહું પટંતરે માહારું નામ' ૩૨

## છપૈ

ધરે અંગ રાયે રંક, રંક રાજા શો દીસે,
શોભે શાહ સૂલતાંન, માંન પાંમે મન હીંસે
એક વશાનો જંન, ધરે કરુ લાખ વશાનો
જેહને જેહવુ કરમ, મરમ તેહને તેહ દશાનો
જેહે ઢાંકણ જગતાં વીખે, અંગ સમારે તાહરુ
તેહને નીત અમો સંમારીયે રે, સમજ નામ તે માહારુ' ૩૩

## ચોપૈ

માંહોમાંહે એલખાયા બેહે મન તણો ભાંગો સંદેહ
હરખ બેહુના મનમાં થયો રાજાની તે પાસે ગયો ૩૪

'કોહો આ વેલા સૂ છે કાજ એકલા કંમ આવા માહારાજ
નથી સાથી હાથી ઘોડલા નથી ભાથા પાયક જોડલા ૩૫

રુપ અનુપ સકોમલ જાત કાલ અંધારી માઝંમ રાત'
'સણ પરીહટ' રાજા એમ કહે કહુ સંખેપે મનમાં લેહે ૩૬

નગ્રચરચા જોવા આવીયો માટે સાહે નથી લાવીયો
મધ્યરાતે બેઠો તુ ધૂવે બીક મનમાં કોહીની નવ જુયે ૩૭

તેહ વાત સંભલાવો મુને તો સીરપાવો દેવુ હુ તુને.'
કેહે પરીહટ 'સાંભલજો રાયે સમજીને લેજો મનમાંહે ૩૮

કહુ સમસ્યા તે મન ધરો સુણી વાત ને પાછા ફરો ૩૯

## છપૈ કવીત્ર

લીયો લંક લપેટ, ઠેઠ નહી રાંમ હિ આપણ
હરણ શીત તે કાંમ, નાંમ નહી પ્રતી રાવણ
હણા કૂરવ જે વેર, પેર મંન જોય વીચારી
કાંમનીને મંન નેહે, દેહે શોભાં જે નારી
એક દંતધાવંનનાં બે કરો રે, તેહને નાંમે નાંમમાં
તેહ સમારણ કારણે, હુ ઉભો છુ કાંમમાં' ૪૦

## ચોપૈ

'દાઢે ન સમારે શા માટ અરધી રાત કમ આવ્યો છે ઘાટ
અચરત મુજને છે ઘણુ રાતે (દાડે?) બીક તાહારે કોહો તણું ૪૧

## છપૈ કવીત્ર

'દો લોયણ ખટ ચરણ, વરણ તો શાંમશરીખો
ઘોર નાદ મુખ સાદ, વાદ પુરુખાંયે પરીખો
પુષ્પ પ્રેમલ નીશદીશ, શીર મોટુ સબ (?) અંગપે
મુખ કમલ કો જાત, ભાત અનેરી અંગપે
સુઘડ નારીના સ્વેદનો, મોદ પ્રેમલ અતી અતી ઘણો
માટે આવો આ સમે, રે ભો મુજને છે તેહે તણો' ૪૨

### ચોપૈ

રાજા મનમાં રીઝો ઘણુ પ્રેમ વચન સૂણૂ પરીહટ તણૂ
'કોહો ભાઈ એહેવી તો નાર મે તે નવ દીઠી સંસાર ૪૩

જેહનો પ્રેમલ પટકૂલ પાસ દેખી ભમર ઉતરે આકાશ
એહેવી નાર રાણી કોહો તણી સંભલવાની ઇચ્છા ઘણી ૪૪

તેહ સંભલાવો માહારા વીર હૈઉ તો નવ ખંચે ધીર'
કેહે પરીહટ 'સાંભલ રે રાયે માહારે મૂખ તો નહી કેહેવાયે ૪૫

સતીની નંદા ન કરુ હુ આપ સ્ત્રી નંદે સ્ત્રીહત્યા પાપ
સમાસ્યા અમો કીજીયે એધાંણે ઓલખી લીજીયે' ૪૬

### છપૈ કવીત્ર

વરણ સહુથી રંક, અંક રાજાથી ઝાઝો
જાત શીરોમણી–શાંણ, રાંણ માંને જસ આઝો
તમને જીતે તેહ, તેહ તમ નવ જીત્યાયે
તેહે વચન તમને ન એણ (?) રંજીત હો રાયે
ભોગી તમ સમરધ તણો, આદ્ય અધિકાર અધીકે ઘણે
પારજાતીક પ્રેમલ સમી, પદમની નારી ઘેર તેહ તણે ૪૭

### ચોપૈ

આપ ઘરમાં આવે કોયે કાંમ તેહનુ જેહ કેહવાયે નાંમ
રાંધાં અંનને જે કેહેવાયે તેહનુ નાંમ વીચારો રાયે ૪૮

એ બે મલી કર એક વીચાર મે કહી તે તેહેની ઘરનાર
પંખી ઊડે જેહેને જોર તે વાતનો એક લો અંકોર ૪૯

જેહને આધારે રેહે છે પ્રાંણ ચેત નાંમ રે ચતુરસુજાંણ
એ બે મલી કર એક જે પેર મે કહી તે સ્ત્રી તેહને ઘેર ૫૦

ચેતો રાજા સરવે લહુ ધોબીયે વચન જે કહું
તેહેના મનનો લીધો પાર કરો પરીહટને તે જુહાર ૫૧

મન સમઝો અસ્ત્રીના નામમાં પાછો ફરી આવો ગાંમમાં
થયો મંન રોમાંચીત અંગ તે રાંમા–શુ લાગો રંગ ૫૨

જે નરને નારી–સ નેહ તેહ તણો તો પરવશ દેહ
મોહો પાંમો મંન આકુલ થયો રાજમોહોલમાં રાજા ગયો ૫૩

નાવે નીક નવ ભાવે અન્ન વૃહે વ્યાકુલ થયુ છે મંન ૫૪

### શ્લોક

દર્શનાત્ હરતે ચિત્તં સ્પર્શનાત્ હરતે બલં
સંભોગાત્ હરતે વીર્ય નારી પ્રત્યક્ષ રાક્ષસી ૫૫

### ચોપૈ

પ્રીત પરનારી સાથે થઇ કીરત તો આગલથી ગઈ
કુલ તણી તો ગઇ છે લાજ ગયુ જે કરવુ ઘરકાજ ૫૬

ઇજત આબરૂ તેહેની ગઈ નાત મુરજાદ તે શાની રહી
પરીયાં સાતનુ નાંમ જ ગયુ સુખ શરીરનું વહેતુ થયે ૫૭

પ્રીત પરનારી–સૂ જેણે કરી રૂઠો દૈવ તેહેને તો હરી ૫૮

### છપૈ

કાંન સણી તબ કરોડ, લાખ મુલ નજરે દેખી
બોલી તબ હજાર, સાર શત પરખે પેખી
નજર ભઈ રસબસ, દસ મુલ તબ થે હોઇ
આલીંઘન તબ એક, છેક ચુંબન ઘટ જોઈ
સ્ત્રીય ભાર પટંતરે, અમુલક કૈ દ્રાંમકી
ચાખી તબ ચીતથી ગઈ, નહી કોડીકા કાંમકી ૫૯

### ચોપૈ

કાંન સૂણીનુ મુલ કરોડ માટે રાજા મન લાગી હોડ
દુખે પાપે વીતી જાંમની વીચાર કરો જોવું કાંમની ૬૦

આપ હૈડે રચો પરપંચ સ્ત્રી મલવાનો કીધો સંચ
પ્રાતુસકાલ ઉઠો નંદરાયે પુરી બેઠો સરવ સભાયે ૬૧

એટલે તાંહાં આવો પરધાંન ભરી સભામાં દીધાં માંન
કેહે રાજા 'કહુ તે કરો કછ દેશ માંહે પરવરો ૬૨

લો કર ટંકા લખ કરોડ લાવો ઘોડા રુડી જોડ
સ્વલ્પ સેન સોઢાડો સાથ દ્રાંમ અનરગલ રાખો હાથ ૬૩

બીજી વાત ન કરસો વડી ઉઠો સીધ કરો આ ઘડી
જો મુજને ઉપજાવો સુખ એહે વાતનુ નવ ધરસો દુખ' ૬૪

કેહે સાંમદ ‘સાંભલ રે રાજ સૂ ઘોડાનુ જરૂરી કાજ
રીકતા તીથી વૃષ્ટી વતીપાત આજ જાતાં થાયે ઉતપાત ૬૫

કાલ પરમ અમો ચાલસૂ રુડા ઘોડા આંણી આલસૂ’
કેહે રજા ‘સાંભલ રે ભ્રાત માહારા મનની ન લહે વાત ૬૬

એહે વાતનો હુ કેડો લેવુ ન કરે કામ તો ડંડ જ દેવુ
સભા મધ્ય જો જાયે વચંન તો હું શાંનો રાજન ૬૭

અવજોગ તે તો પરથમ મુને તાર પછી તો બેઠે તુને
હવડાં જાવુ ન કરે તહી તો આજ થકી પરધાંન જ નહી ૬૮

ચાકર તે જે પાલે કોલ માંણસ તે જે પાલે બોલ
સ્ત્રી તે જે પાલે પતીધરમ બ્રાહ્મણ તે પાલે ખટ કરમ ૬૯

પવીત્ર જે પાલે આચાર હરીજન તે જે ગાતા સાર
શુદ્ર તે જે દ્વીજપુજા કરે ભાટ તે જે હુકારો ભરે ૭૦

ખત્રી તે જે રણમાં પડે ગાયે બ્રાહ્મણ સ્ત્રીની વારે ચડે
રાજા તે પરજા–પ્રતીપાલ સતવાદી જે ન બોલે આલ ૭૧

વણીક તે જે નહી આકરો ગાંમ તે જેહમાં હોયે કરો
નદી તે જેહેમાં હોયે નીર પ્રતાપ દેખાડે તે તો પીર ૭૨

નારી તે જે ચાલે નમી વાત તે જે સહુને ગમી
પટેલ તે જે પ્રમાણે પંચ જાંણ પુરુખ તે જાંણે સંચ ૭૩

માહારો વજીર ખાસો છે તુ જા આ વેલા કહુ છુ હુ’
કેહે પરધાંન ‘સાંભલ પુરપતિ રોસ ન ધરસો રાજા રતિ
જે રાજા બોલા તે હા જે નીરધન બોલે તે ના ૭૪
જે પાસો પડો તે દાય જે બોલુ પાલે તે સાહે
પંચ પ્રમાણ કરે તે ન્યાય આચાર–ભૃષ્ટ તે તો અન્યાયે ૭૫
જે મારે મરે તે ઘાય જે નાઠે જડે તે રાહ
ભુખો જે ગમે તે ખાય બેહેકો જેહ ગમે તે ગાયે ૭૬

અચાલે થયું તે થાયે ઓશડ જેહ ગમે તે પાયે
જે પ્રથવી પાલે તે રાયે પાંન કરાવે તે તો માયે ૭૭

મારે રાજા બોલા તે ખરુ મુજથી તે કેમ જાયે પરુ’
વચન પરધાંન ચડાવુ શીશ ઉઠો તે વેલાં તે દીશ ૭૮

સેન સોઢાડૂં પોતા તણૂ લીધૂ ધન અનરગલ ઘણુ
પરધાંન ચાલી કછે ગયો અધીપતીને મન ઉલટ થયો ૭૯
અરુણ અસ્ત પડી તવ રાત રાયે વીચારુ રુદયા સાથ
બીજા કોહોને ન કહી વાંણ ચાલો આપ રુદેમાં જાંણ ૮૦

### લોક

કામાતુરાણાં ન ભયં ન લજ્જા હ્યર્થાતુરાણાં ન ચ બંધુમિત્રં
ચિંતાતુરાણાં ન સુખં ન નિદ્રા ક્ષુધાતુરાણાં ન બલં ન તેજઃ ૮૧

### ચોપૈ

કો નર ને વલી કો નાર જારને મંન તે શો વીચાર
ગુણકોને શાની લાજ આલસૂને તે શાનુ કાજ ૮૨

ભંગીને મન શાની નાત વસનીને તે શાની જાત
અકરમીને તે ઉદમ કસૂ સૂબને મન તે સાંનુ હસૂ ૮૩

સંતોખીને શાંનુ દુખ નીરધનને તે સાંનુ સુખ
દાતાને મંન તે શાંનુ ધંન સૂરાને તે શાંનુ તંન ૮૪

કરપીને તે કીરત કસી સતી સ્ત્રીને શાંની હસી
સ્ત્રી વીના તે શાંનો ભોગ સુધ ચીત વીના શે યોગ ૮૫

મંગણ થયા તારે સૂ માંન ખુધાવંતને શાંનુ જ્ઞાંન
દળદરીને ડહાપણ કસૂ પુત્ર નહી તો શાંનુ વસૂ ૮૬

પીતા પાખી તે શાંનાં લાડ પરઠણ કરે તેહેમાં શો પાડ
નાત નહી તો શાંની રીત હેત નહીં તો શાની પ્રીત ૮૭

ગુણ નહી તારે શાંનુ રૂપ પરજા પીડે તે શાંનો ભુપ
વીવેક નહી તો શાની વીદ્યાયે ચાલે નહી તો શાંનો દાયે ૮૮

હરી જાણે તો સો સંસાર ખરી વાતમાંહે શાનો ખાર
શીખી વાત તે શાંની નવી કહુ કહે તે શાંનો કવી ૮૯

હુનર પાખી શાંનો નર ખુરુણા(?) પાખી તે શાંનુ ઘર
કરમ વીના શો ઉદમ જેહે રત વીના તે શાંનો મેહે ૯૦

માટે જારને ભયે નહી મંન નરીભેથી ચાલો રાજંન
દરબાર પરધાંન તણો જે ઠોર ગયો રાયે જતે એક પોહોર ૯૧

વજ્રમેહેલ છે લોહોના બાર તીહાં આવી કીધો કરનો પ્રાહાર
ધીર પ્રતીહારિ જાગીયો મન માંહે બીવાને લાગીયો ૯૨

'કૂણ છે રે ભાઇ માઝમ રાત જે હોયે તે આવ્યજે પરભાત
ખોટી થાયે તો લાગે વાર નહી ઉઘાડુ માહારુ બાર' ૯૩

તે સમે બોલો નંદરાજ મનમાંહે ધરતો બહુ લાજ
'ઉઘાડ ભાઇ, હુ નંદનરેસ પરધાંન ઘેર કરવો પરવ્યેશ ૯૪

ઘણુ જરુર અઘૂરુ કાંમ માટે આવો છુ હુ આ ઠાંમ
તુ ઉઘાડી ચરણે લાગ વરદાંન જેહે ગમે તે માગ' ૯૫

## દુહો

તાહારે બોલો પોલીયો 'સાંભલીયે રાજાંન
બાર નહી ઉઘાડીયે મે વસ્તુ તાહારુ મંન ૯૬
આ વેલાં તસ્કર નીકલે રમવા જાયે જાર
માટે જાયો પાછા ફરી રાખી પોતાનો ભાર ૯૭
પરધાંન ઘેર માહારો નહી સ્ત્રી સાથે સૂ કાંમ
અરધી રાતે એકલા તેહેનું તે સૂ નાંમ' ૯૮

## ચોપૈ

રાજા કેહે 'સો મન ઘાટ શીઘ્ર થઇ તુ બાર ઉઘાડ
હુ જમ જમ રાખુ છુ ભાર તમ તમ તુ લગાડે છે વાર ૯૯
હવડાં વાત કરુ છુ સેહેલ નહીતર ચીરાવુ એ મેહેલ
પરધાંનના તો પ્રાંણ જ લેવુ ભારે ડંડ દુખ તુજને દેવુ ૧૦૦
તારે તાહારુ સૂ છે જોર નગર વસે તે માહારો ચોર
જો રુડુ ચીતવે ખાવંન તણૂ તો રાખો માંન અમારુ ઘણૂ ૧૦૧
જો રાખે દોહોણી ને દુધ તો આંણો હૈડામાં બુધ
તુ મનમાં આંણે છે ભેદ માહારે મંન નથી કાંઈ ખેદ ૧૦૨
મુરખ મીત્ર વેરી નાંમ વણસાડીસ ખાવંનનું કાંમ
મનમાં ડાહાપણ હોયે આજ ઉઘાડ સરસે તાહારુ કાજ.' ૧૦૩

## દુહો

કહે પ્રતીહાર 'રાજા સૂણો બીહાવો નહી જાવુ
એક લાલચ બીજો વનો તેણે પરસંન થાવુ ૧૦૪
રાજા એક જેહેને કબજ બીજો તક તે રાયે
ત્રીજો રાજા ગરજ છે ચોથો ઓસીયાલ કહેવાયે' ૧૦૫
કુંડલ કાડા કાંનથી જેહેનુ મુલ નવ ટંકા ક્રોડ
આપા હાથ પ્રતીહારને એ અમુલખ જોડ ૧૦૬

## ચોપૈ

દ્રવ દેખીને નારી ચલે દ્રવ દેખી સહુ લોભે ભલે
દ્રવ દેખીને કરે બહુ પ્રીત દ્રવ દેખી ચાલે સહુ રીત ૧૦૭
દ્રવે લાભ ને દ્રવે હાંણ દ્રવે આસ આસંક ને આંણ
દ્રવે જીવ જાયે ને રહે દ્રવે ઘેલાને ડાહો કહે ૧૦૮
દ્રવે કાયર દ્રવે સૂર દ્રવે મેલો ને દ્રવે નુર
દ્રવે ચોર ને દ્રવે સાહા દ્રવે રંક ને દ્રવે રાયે ૧૦૯
દ્રવે કરપી ને દ્રવે દાતાર દ્રવે ઉગાર ને દ્રવે માર
દ્રવથી શત્રુ દ્રવથી મીત્ર દ્રવ નીચ ને દ્રવ પવીત્ર ૧૧૦
કુંડલ જવ દીઠુ પ્રતીહાર તવ તેણે ઉઘાડા બાર
ગયો મોહોલમાં તે રાજંન દીઠુ જેહવુ ઇંદ્રાસંન ૧૧૧
જેહેવી રવીમંડલ ઉદ્દોત જેહવી ચીંતામણીની જ્યોત
દીઠ પાંજરુ પોપટ તણૂ પંચરંગ પીલુ છે ઘણૂ ૧૧૨
તે હેઠે માંડો છે પાટ રાજા ચાલો આવો વાટ
હેઠી બેઠી છે કાંમની નહી ભુતલ એહવી ભાંમની ૧૧૩
ચંદ્રવદની મૃગનેણી વંક સીહાકાર કટીનો લંક
હંસગાંમની ગજગાંમની શરદની જેહેવી જાંમની ૧૧૪
જેહેવી પુષ્પલતાની વેલ જેહેવી વાડી મધે કેલ
જેહેવી ચંપક કેરી કલી જેહેવી વીદ્દુત નભમાં ભલી ૧૧૫
જેહેવી રત્નકમલ દીવડી સ્વયં વીધાતા હાથે ઘડી ૧૧૬

## દુહો

ચપલ નેન અંબુજ જસૂ ચત્રુવાકની જોડ
કનક કલસ ઉર વીખે નહી એકે માંહ ખોડ ૧૧૭
કેલપત્ર પૃષ્ઠ સભ ઉદર તો પોયણ–પાંન
ગ્રીવા પોત–કપોત સી ઓપીત ઉજલ વાંન ૧૧૮
નખ શીખ શોભા નીરખતાં ચતુરા ચતુર સૂજાંણ
વૃહે વેધ રાજા હતો વાગુ મોહોનુ બાંણ ૧૧૯
પાખાણ લોહ થકી અગન અગન માંહે જમ ગ્રત
અનંગ વાધો બહુ અંગમાં થયો આકલો તરત ૧૨૦
ધરમ કરમ સરવ વીસરુ થયુ કાંમવશ અંગ
બીજૂ કાંઈ સૂઝે નહી રામા સૂ લાગો રંગ ૧૨૧
વીસરો ગુરુ વીસરો પ્રભુ વીસરી લાજ કૂલ-નેમ

વીસરાં ઘર પુર મેડીયાં પ્રેમદા સુ લાગો પ્રેમ ૧૨૨
આવો નીકટ તે નીરખતાં ભયભીત કાંમ ઘનઘોર
દ્રષ્ટ ન ચુકે તે થકો જેમ ચંદ્ર ચકોર ૧૨૩

### ચોપૈ

પોપટ પદમની બેઠાં જાંહે મોહોલે મહીપત આવો તાંહે
સમઝો પોપટ સમઝી નાર ચતુર મલીને કરો વીચાર ૧૨૪
આવતાં માંહે વરતુ છે મંન 'કાંમ–આકલો એ રાજંન
ઇશ્વર આપી રાખે લાજ તો સરે ફૂલ કેરુ કાજ' ૧૨૫
પોપટ કહે 'ન ધરશો બીક હુ દેઇશ રાજાને સીખ' ૧૨૬

### દુહો

કેહે પોપટ 'ભલે આવીયા પ્રથવીપત ભુપાલ
આનંદકંદ નંદરાયજી પરજા તણા પ્રતીપાલ ૧૨૭
તમો તાત છો જગતના પરધાંન તમારો પુત્ર
હુ જાંણુ છુ આવા તમો નાહાલવા ને ઘરસૂત્ર ૧૨૮
પુત્ર નહી ઘેર તમ–તણો હાજર એહેની નાર
તેહ છે તાહારે આસરે તમ પુત્રીને ઠાર ૧૨૯
ખબર જોવી તમને ઘટે એહ તમારાં તંન
પ્રજા પુત્ર તાહારાં સહુ તુ મોટો રાજંન ૧૩૦
બાઇ આવી બેસો બારણે એ આપરણા છે રાજ
સાસરવાસો આપવો આવ્યા છે તે કાજ ૧૩૧
આપણ એહનાં છોકરાં એહે આપરણો તાત
પીતા પાસ બેસો તમો કહો મંનડાની વાત' ૧૩૨

### ચોપૈ

નારી બોલાં આંણી ધરી 'સાંભલીયે સૂક માહારા વીર
હલુયા રહી બોલો આ દીશ ચડસે નંદ રાજાને રીસ ૧૩૩
હુકમ સીર એહેનો લીજીયે પછે આપ ઉતર દીજીયે
એ છે ધરમ તણો અવતાર એ છે નોધારાનો આધાર ૧૩૪
એ છે ચૌદ વીદ્યા ગુણ જાંણ મોહોડે શાં કરીવાં વીખાંણ
માહા ચતુર છે માટે સાંખસે મુરખ તો મારી નાંખસે ૧૩૫
માટે છાંનો રેહે રે ભ્રાત ઝાઝી શાંને કરવી વાત
નીસાલગરણાં સરસતીને કશાં કંચન આગલ કેહેવાં કંસાં ૧૩૬

હનુમાન આગલ શો થેકડો કરોડ આગલે શો એકડો
જાંણે ચૌદ તેહને સા ચાર સત આધાર આગલ શો ભાર ૧૩૭
પુત્ર આગલે બીજી સી પ્રીત વેર આગલે બીજાં સાં ગીત
શીવ આગલ બીજો શો દેવ બ્રંહ્મ આગલ બીજી સી સેવ ૧૩૮
રાંમ આગલ બીજુ સૂં નાંમ પુન્ય આગલે બીજું સૂ કાંમ
માત આગલ બીજુ સુ હેત સ્વાટીક આગલ બીજું સૂસ્વેત ૧૩૯
એહને વશ વરતે સહુ લોક એ આગલ ડાહાપણ તે ફોક.' ૧૪૦

## દુહો

તારે પોપટ બોલીયો 'સાંભલ માહારી બેહેન
માબાપ આગલ છાજસે જહેવુ કરીસુ ચેહેન ૧૪૧
સંતાન અધીક અંના કરે મંન ન ધરે માબાપ
એહેવું જાંણી હુ કહુ વેદ–પુરાંણે છાપ ૧૪૨

## ચોપૈ

જો વાડ થઈ ને ચીભડાં ગલે તો મોઘી વસ્ત કોહોને નવ મલે
જો ખુલ ખાતુ હોયે અંન તો જીવે નહી એકે જંન ૧૪૩
જો કલ્પતરુ કેરી ખાયે તો તેહનો ચોર કમ પેદા થાયે
મા મારે પય પીતાં બાલ જો સતવાદી બોલે આલ ૧૪૪
રાજા થઈને લુટી લેયે તો પરજા કોહો આગલ કેહે
રામ જપંતાં નરકે જસે તો કહુ તે કોહોનું થસે ૧૪૫
બાપ કરે બેટી સૂ જાર એહ વાતનો કુણ પ્રીછે પાર
વાહાર થઈને આવે ધાડ તેમાં કોહોની કરીયે આડ ૧૪૬
મેહ વરસંતે પથર પડે તેહેનો વાંક કોહોને સીર ચડે
ધણીને વીખ દે ઘરની નાર તેહ તણો કોણ પ્રીછે પાર ૧૪૭
પુષ્પહાર વલગે થઇ સાપ કૂણ જાલવે આપે આપ
અમૃત જાંણી આપણ પીજીયે વીખ થાયે તો દોસ કોહોને દીજીએ ૧૪૮
કુંડલ કરડી ખાયે કાંન કોહો આગલ જહી કરીયે જાણ
ચંદણ જાણી ધરીયે અંગ આપ અગની થાયે તો પુરણ પાપ ૧૪૯
મોટો જાંણી જઇએ કો સરણ ઘાત દે તો પાંમીજે મરણ
ઘર દીવાંન જો ચાડી ખાયે તેહેનું દુખ તે કાંહાં કેહેવાયે ૧૫૦
રક્ષનારો જો ચોરી કરે તો ભંડાર કેહી પૈરે ભરે
ગરીબને દુખ દે કો લંડ તો રાજા તેહેને દે ડંડ ૧૫૧

જો રાજા લુટી લે આપ તો રાજા પરજા બેહુનાં પાપ'
પોપટ પદમની વાતો કરે રાજા નંદ રુદેમાં ધરે ૧૫૨
જે ભયભીત થઈ આવીયો કાંઈ જ્ઞાંન રુદેમાં લાવીયો
એકે વાતે ન સૂઝો ઘાટ પ્રથવીપત બેઠો જહી પાટ ૧૫૩
આસ્વાગત ઘણૂ દીધાં માંન હારજ કીધાં ફોફલ પાંન
બોલો સૂક 'સાંભલ સુંદરી બોલ તાત-સૂ હેતે કરી ૧૫૪
પેટની પુત્રી કરી થાપસે મનમાગુ અધીપત આપસે
પસલી લાવા આપણે ઘેર કરો સજાઈ રુડી પેર ૧૫૫
ભ્રાત તાત ને મુસાલ આપણ ઉપર છે અધીકો વહાલ
એહે નોધારાનો આધાર એહેને સીર પ્રથવીનો ભાર ૧૫૬
બેટી બેહન ને તુ ભાંણેજ તુજ ઉપર અદકુ છે હેજ' ૧૫૭

## દુહો

નારી મુખ સાંમુ કરી સૂક સૂ કીધી વાત
'કદાચ કાંમાતુર હસે તો કરસે તાહારી ઘાત ૧૫૮

## ચોપૈ

જોબંનનો જેહને હોયે મદ બીજો કાંમ આકુલ તો અંધ
ત્રીજો તો ધનમદ જેહેને ચોથો કેફ જેહેની દેહને ૧૫૯
પંચમો અંધ જુવો આદરો છઠો અંધ જે કોપે ભરો
સાતમો અંધ ચાંપાંણો જેહ આઠમો અંધ વસનીનો દેહ ૧૬૦
એટલા મંન વીચાર ન કરે એહને છેડે તે નીશ્ચે મરે' ૧૬૧

## દુહો

વચન આપ રુદે ધરૂ સૂક કેહે 'સાંભલ વાત
કાંમ જોબંન મદ સૂ કરે એહ આપરણો તાત ૧૬૨
અગનાંન અબલા તુ સમી મે નવ દીઠી કોયે
કરુ વાત પટંતરે તે મંન પ્રીછી જોયે ૧૬૩

## ચોપૈ

જો રાજા આવે કપટે કરી, તો એહેને કુણ પુછે છે ફરી
ગાંમ પરધાંનને શીદ મોકલે, આપે સીદ આવે એકલે ૧૬૪
એહ કરતાં સઘલુ છે સેહલ, ખરે બપોરે લુટે મેહલ
પરધાંનને કારાગ્રહ રખે, કુણ જોરાવર છે એ પખે ૧૬૫
હા ના બીજો કુણ કેહેનાર, એહેને કુણ મેહેણૂ દેનાર
પણ એહેને માથે બલીયો ધરમ, તેણે કરે કમ કૂડો કરમ ૧૬૬
અધીપતી કરે કુડુ કાંમ, કમ વસે પછે તેહેનુ ગાંમ
મુકે નંદ પોતાનું સત, તો પરજાની સી થાયે ગત ૧૬૭
ચુકે નંદરાજાનો દેહે, તો વૃષ્ટી કરે કમ મેહે
ભુડી દ્રષ્ટ જો તુજ સૂ અડે, તો બાર વરસ અનાવૃષ્ટ પડે ૧૬૮
વણ–વાંકે રાજા દે દંડ, તો તો ત્રટી પડે બ્રંમંડ
જો નંદરાય ચડાવે આલ, તો પ્રથવી જાયે પાતાલ ૧૬૯
રાયે મન તુજ વીભલ અડે, તો દીગપાલ ડોલી હેઠા પડે
ગંગા જો દખણમાં જાંણ, પશ્ચમ દશે ઉગે ભાંણ ૧૭૦
કદીય કોયક કાલે એ થાયે, પણ અધરમ ન ચાલે એ નંદરાય
સાંભલ વાત કહુ જે હું કાંને સાંભળ કામની તુ ૧૭૧
કોણેક પટંતરે કરો વીખાંણ, તાંહાંથી થયું રાજાને જાંણ
મુખ જોયાનું એહેને મનં, જમ જનક જાુયે તનયાનું તંન ૧૭૨
આપણ સહુનો રાખવાનો ભાર, પરધાંનને કાડો છે બાર
જોવા કારણ આવ્યા એહ, આપરણે દુધે વુઠો મેહે ૧૭૩
આલસૂને ઘેર આવ્યાં છે ગંગ, આપરણે હરખ રુડેરો રંગ
દો માન સજાઈ પેર, ભલે પધારા આપરણે ઘેર' ૧૭૪
સૂભ વચન સૂક કેરુ લહુ, તાંહાંથી ગનાંન રાજાને થયુ
બેઠો આસન હેતે કરી, પાસે ઉભી છે સુંદરી ૧૭૫
માંનની કેહે 'સાંભલ માહારાજ, અમ સરખુ કાંઈ કહોને કાજ
દરસન રાય થયુ તાહારુ, પવીત્ર થયુ મંદીર માહારુ ૧૭૬
અમો આસરે છુ તમ તણે, અમને ચીંતવો હેતે ઘણે
એહેવુ કહી સજાઈ કરે, મંદીર માંહે આપે પરવરે ૧૭૭
કરવા માંડો ઉતમ પાક, રસોઈ બત્રીસા ચોસઠ સાક
ઉનાં તાજાં ખાટાં કાયરાં, મીઠાં મધૂરાં અતી સાયરાં ૧૭૮
કસ્તૂરી–લેપ કીધા છે શરીર, નાહાવા કારણ મુકૂ નીર
મરજંન કીધુ આપ નરેસ, મંદીર માંહે કીધો પરવેશ ૧૭૯
માંડી થાલ તે કંચન તણી, પ્રીસા પાક સાંમગરી ઘણી

જથા પેરે પામો ભોજંન, મન ઘણુ રીઝો રાજંન ૧૮૦

પ્રભાતવેલા થઈ જાહારે, સ્ત્રી સાંમુ જોયુ તાહારે
તારે સ્ત્રીયે વરતુ મંન, કાંઈક કામી છે રાજંન ૧૮૧

ત્રાંબા તો તોલડીથી પ્રીસો ભાત, રાતો રંગ દીધો તે સાથ
બીજો પ્રીસો રુપા થકી, દીધો રંગ પીલો વલતકી ૧૮૨

ત્રીજો કાડો સોનાની માટ, લીલો રંગ દીધો તે ઘાટ
ચોથો કાડો પીતલને સંગ, તાંહા કસૂંબા દીધો રંગ ૧૮૩

પ્રીસો પાંચમો મૃતીકા ઠાંમ, તે ઉપર દીધો રંગ શાંમ
જોયો ભાત પરંચરંગી તણો, રાજા અચરત પાંમો ઘણો ૧૮૪

જુયા રંગ ને ખુબી અનુપ, તે જોઈ વીસમે પાંમો ભુપ
ભરે કોલીયો આંણીને વાદ, તેનો તે લાગે મુખ સ્વાદ ૧૮૫

ભરે કોલીયો રંગ વશેખ, સ્વાદ આવે તેનો તે એક
શાંમ સ્વતે કસૂંબી ખાયે, મુખમાં એકની એક મજાયે ૧૮૬

હાથમાં તાટ દીઠાનુ સૂખ ટલી ગયું જવ મેહેલૂ મુખ
દેખતાંમાં શોભા છે ઘણી, ખાધે એક મજા તે તણી ૧૮૭

સ્ત્રી સાંમુ જોઈને હસો, સ્ત્રીને કાંઈક કપટ જ વશો
ધોલી ધેનનુ દોહુ દુધ, પ્રીસુ પય કાલીનું બુધ ૧૮૮

કાબરી ગાય દોહી તે વાર, રાતીનુ પ્રીસુ તે ઠાર
ધેન તણા જુયા છે વરણ, દુધ તણો તો એક આચરણ ૧૮૯

વાટી સાકર ભુકો કરો, પાંચે રંગે–(?) ધરો
જાંહાં જુયે તાહાં લાગે ગલૂ, મનનુ કારણ સરવે ટલૂ ૧૯૦

કાલી ધોલી ને ઉજલી, માંડી મૃતકા કેરી માટલી
એક નદીનાં તેહેમાં નીર, એક સ્વાદ પામો શરીર ૧૯૧

સુભ શીખામણ દીધી એહ, મન તણો ભાગો સંદેહ
અરધૂ મંન પોપટથી ગલૂ, અરધ નારીના ગુણથી ટલૂ ૧૯૨

ઉઠો ભોજંન પુરુ કરી, આપાં બીડા હાથે સુંદરી
કાઢી અમુલ અંગુઠી એક, આપી પદમનીને કરી વિવેક ૧૯૩

મનમાં નાંણો બીજો મરમ, રાખો ઈશ્વરે બેનો ધરમ
કૂઅરી પોતે મોઢે કીધ્ય, વીટી પસલી માંહે દીધ ૧૯૪

પ્રીત ધરીને પાછો વલો, પ્રતીહારને પ્રેમેથી મલો
'પ્રતીહાર બાર ઉઘાડ તાહારુ, પાછુ કૂંડલ આપો માહારુ' ૧૯૫

## દુહો

કેહે પ્રતીહાર 'રાજા સૂણો, કાહાવો ચતુર સૂજાંણ
સઘલુ ડાહાપણ તમ કને, પણ કહી તે વાત અજાંણ ૧૯૬
આપી કૂંડલ તમો ગયા, માહારા મંદીર મોઝાર
પાછુ માગો પાછા વલે, એ કાંહાંનો વેહેવાર' ૧૯૭
'જે કાંમે કૂંડલ આપીયુ, કરો'તો પુર પરવેશ
તે કાંમ કરાવ-વણ હુ વલો, માટે તે પાછુ લેશ ૧૯૮

## ચોપે

કહે પ્રતીહાર 'સાંભલ રે રાયે, મુજ આગલ અંના નહી થાયે
વચન-ભૃષ્ટ થસો જો તમો, તો પાછુ કૂંડલ આપુ અમો ૧૯૯
વલી કહુ બીજુ દ્રષ્ટાંત, જો અધીપતીથી છો એકાંત
જારે પુરણ તરખા થઈ, ઘાલો ઢોર તલાવે જઈ ૨૦૦
કો પીસે ને કો નહી પીયે, પણ સહુ કોનો પીયાવો લીયે
ધણ હાકી ગોવાલો જાયે, કો ચરે કો તરણ ન ખાયે ૨૦૧
તો શો વનચરનો તેહેમાં વાંક, લે ચરાઈ આડે આંક
ગાંમ જમાડી રુડી પેર, કરે નોહોતરાં ઘેરે ઘેર ૨૦૨
કોહોને નવ લાગી હોય ભુખ, કોહોને તાવ કાહોને દેહ દુઃખ
કોયક લાભે ગાંમ પરવરે, તેહેમાં જમાડનારો સૂ કરે ૨૦૩
ખેતર સાંથવાને આપીયુ, ગુણવંત કરી તેહેનુ થાપીયુ
પડતર રાખ કે બમણૂં વાવ, પરઠા પરમાંણે માહારુ લાવ્ય ૨૦૪
રાખો ચાકર મનસા ધરી, દીધાં દાઘ(?) પોતાનો કરી
મેહુલ બેસાડી કે દે કાંમ, માસ થયે પુરો દે દાંમ ૨૦૫
પુત્રી પરણાવે પોતા તણી, પરઠણ પેરાંમણી આપે ઘણી
પછે રાંડે કે ભુખે મરે, વેવીસાલીયો તેહેમાં સૂ કરે ૨૦૬
ગુરુ ભણાવે આણી હેત, શીખવે શાહાસ્ત્રના ભેદ સમેત
વીસરે કે વીદ્યા નવ ફલે, તો ગુરૂ ઉપર સૂ રીસે બલે ૨૦૭
કથા સંભલાવે કોડે કરી, ઓલખાવી દે આપે હરી
પાંહાંણ જેવુ પલળે નહી રદે, વાસ વાણી શીદ નંદી પદે ૨૦૮
એહેવાં કોડ હજારાં જેહ, રાજાજી કોહો તો કહુ તેહ
હુ સુ જાંણૂ શે કાંમે ગયા, સરો અરથ કે અમથા રહા ૨૦૯
વ્યાપાર કરવા વ્યાપારી જાયે, ખુહે પુજી કે લાભ જ થાયે
ધોરી તુરી લે તે દ્રવ અડે(?), ભાર વેહે કે ગલીયો પડે ૨૧૦

એહ વાતમાં હુ નહી જમાંન, હુ બેઠો રહુ માહારે કાંમ
બાર ઉઘાડી જાવા દેયુ, તેટલા માટે કૂંડલ લેયુ ૨૧૧
કરે અજારો બાંધવા મોટ, થાયે બમણા કે આવે ખોટ
રાખુ બાહાર તારે સુ કરો, તે વેલાં તો પાછા ફરો ૨૧૨
મે તો માહારો ધરમ મુકીયો, કુંડલને લોભે ચુકીયો
તે કુંડલ કમ આપુ જાયે, જાયો ઘેર સમઝો મન માયે ૨૧૩
સમઝો રાજા આવું વાહાલ, કૂંડલ ઉપરે આપી શાલ
અરુણ ઉદે થયો જાહેરે, મોહોલે મહીપત આવો તાહરે ૨૧૪
રાજા પોપટ ત્રીજી નાર, ચોથો એક જાણે પ્રતીહાર
બીજો કો નવ જાણે અંન, એમ કરતાં થયા બહુ દંન ૨૧૫

## દુહો

પખ પાંચ પુરણ થઈ, આવો વૈરોચન પરધાંન
લાવો ઘોડા અવનવા, મહીપતે દીધાં માંન ૨૧૬
તોરી જોયા તરતીબ સૂ, હરખુ રાયનું મંન
પરધાંનજી મંદીર પરવરો, હુકમ કરો રાજંન ૨૧૭
મલપંતો મોહોલે આવીયો, પ્રતીહારે દીધાં માંન
કૂંડલ જે નવ ક્રોડનાં, તે દીઠાં તેહેને કાંન ૨૧૮
દીઠી સાલ સવા લાખની, ઓઢી પ્રતીહારે અંગ
પ્રેલે થયો તે દેખતા, પરધાંન ઘણૂ મનભંગ ૨૧૯

## ચોપૈ

'પાપી પ્રતીહાર સાંભલ રે તું, બાર સોપી ગયો છું હું
કાંહાં રઝલો સૂ કીધાં કાંમ, કમ મુકો તે તાહારો ઠામ ૨૨૦
જાચક કે તસકર તુ થયો, લુણહરામ થઈને રહો'
તે પ્રતીહારે જોડા હાથ, બોલો પોતાના સ્વામી સાથ ૨૨૧
'આસંનથી હેઠો ઉચો અડુ, તો તમ સાનીધે સૂલી ચડુ
તસકર વીદ્ય મે નવ કીધ, જાચીક થઈને દાંન ન લીધ ૨૨૨
માહારુ પ્રતીહારનુ કાંમ, જતા આવતાનુ પુછુ નાંમ
રંકને જાવા નવ દેયુ, ચાલ કોહોની લેખે નવ લેયુ ૨૨૩
જે પરતે નવ ચાલે તમો, તેહેને કમ વારી રાખુ અમો
જે હાથી હરા(યો) થાયે, તે કાચે તાંતણે કમ બંધાયે ૨૨૪

પીપલાની તે કેવી વાડ, છીલોજીની (?) કેહેવી આડ
આંમે જેહ લખુ તે થાયે, મેહેલુ તે અમારુ જાય ૨૨૫
વાત કહુ તો ચુગલી કહેવાય, છાંનુ રાખે તરકટ પરઠાયુ
મન માંહે વીચારો આંક, માર ગરદણ જો હોયે વાંક' ૨૨૬

## દુહો

રાખી રીસ રુદયા વીખે, આવો મંદર માંહે
પોપટ ને પ્રેમાં પદમની, વાટ જુયે છે તાંહાં ૨૨૭
વૈરોચનને નીરખીયો, કરતાંત શરીખો કાલ
રીસે ભમર અતી રાતડાં, મુખ દીઠુ વીકરાલ ૨૨૮
તે સમઝા પોપટ પદમની, પાગ નમાવુ શીસ
'કૂસલ કલાંણ છે આપણે, તજો રુદેથી રીસ' ૨૨૯
કહે પોપટ 'અવીને નથી, રખે ધરો મન ભરમ
તાહરા પુન–પ્રતાપથી, ઈશ્વરે રાખો છે ધરમ' ૨૩૦
કરો પરણાંમ તે પદમની, પ્રીત પતીની સાથ
એટલે વીટી નંદની, તે દીઠી જમણે હાથ ૨૩૧
અગનઝાલ અદકી હતી, ઉપરે રેડુ ગૃત
રાલ ગંધક અગની મલો, ભડકો થઈ ઉઠો તરત ૨૩૨
ખાયે ન અંન પાંણી નહી, નહી નીદ્ર નહી લાગ
એકે વાત ન ઉકલે, પડો રુદયામાં દાગ ૨૩૩

## ચોપૈ

કહે પોપટ નાંમીને શીશ 'તજો રાજ રુદેથી રીસ
સમઝો ગ્નાન આણીને પેર, નથી ખાંપણ લાગુ તમ ઘેર ૨૩૪
તે વાતે પરતીગના કરુ, ધ્રુ વાચા સત વાચા ધરુ
પરથમ જેહ હકીગત થઈ, સૂક સ્ત્રીયે માંડીને કહી ૨૩૫
'ઈશ્વરે રાખુ છે આપ, જુઠુ બોલે બ્રંમહત્યા પાપ
સમઝાવો રાજા બોહો રીત, પુરાંણ શાહાસ્ત્ર તણી જે પ્રીત ૨૩૬
જારે આવો તે જનક જ થયો, પસલી આપીને મંદીર ગયો
તે વાતે સુરજ સાખીયો, સતી ધરમ ઈશ્વરે રાખીયો ૨૩૭
સાચા બોલ બોલુ તમ સાથ, કોહો તો અગની ઘાલુ હાથ
સૂકી અસ્ત્રી કહા બહુ ભેદ, ખોટે મન ન મુકો ખેદ ૨૩૮

જમ જમ પેલો વાતો કરે, તમ તમ રોસ અદકેરો ધરે
એહને મારુ કે હુ મરુ, ભારે રીસ રદે કમ ધરુ ૨૩૯
'એહેને મારુ તો કોપે રાયે, પરધાંનવટુ પોતાનુ જાયે
હલુયે હલુયે વેર લેઈસૂ, દાયો રાજાને દેઈસૂ ૨૪૦
ગુણ કે અવગુણ ઓસાંકલ થાયે, પીત્રી પંડ તારે તો સાહે'
એહવો મન માંહે રાખો ક્રોધ, નવ માનો તેહેનો પ્રતિબોધ ૨૪૧
'હલા પોપટ મુરખ તુ મુઢ, જુઠી વાત કરે છે ગુઢ
મુને કાડી મહેલો જે દંન, તે દાડે વરતું મે મંન ૨૪૨
આપી કૂંડલ આવો રાત, કાંને સાભલી તાહારી વાત
કાંમ–આંધલાં જેહેનાં ચેહેન, દષ્ટ આવી નવ મુકે એન ૨૪૩
ભાઈ બાપની વાતો કરી, મુજ આગલ કેહેવાની ખરી
મુરખ સ્ત્રી–જીતો હોયે નાહો, તેહેના મોહો આગલ ગુણ ગાયો ૨૪૪
કોડી થાયે કુડી નવ થાયે, સુરી થઈને બાલે કાયે
દખણી થઈને ઝાઝુ રુયે, દેહ પાડીને જીવ જ ખુયે ૨૪૫
વલી સમ અદકેરા ખાયે, મરણાંતે જાુઠી નવ થાયે
ભાંમની–નેહ માંને ભરથાર, તેહનુ નામ મોટો ગુમાર ૨૪૬

## દુહો

પરતગના માંનુ નહી, જે બોલો બહુ બાઠ
જમ લીહી લોઢા ઉપરે, જેમ પટકુલે ગાંઠ' ૨૪૭
અંનેક ઉપાયે તેહેને કોહો, પણ પથર ઉપર નીર
'ઈશ્વર આંણ માંનુ નહી, હૈડુ ન ધરે ધીર ૨૪૮
એહ પાંણી મગ નહી ચડે, જો સો મણ બાલો કાઠ
હુ ડાહો માંનુ નહી, તે સ્ત્રીચરીત્રના ઠાઠ ૨૪૯

## ચોપૈ

સ્ત્રીના સમ, વસનીની પ્રીત, ધુત સાચું, ભંગીની રીત
ઓરમાઆ હેત, ગુણકાની લાજ, દુશ્મન હેત ને વેઠીયુ કાજ ૨૫૦
મદપાંની ડાહો, કાગ પવિત્ર, વસીઅર અમૃત ને રાજા મીત્ર
સંદેશે ઉલગ, પાલક પુત, સ્વરગ પાંમે ઉપાસે ભુત ૨૫૧
જારની મા પટલની હા, નારીરત નાંએ(?) ફોકટ વા
એટલાં વાંના માંને જેહે, તેહને મુરખ જાંણો દેહે' ૨૫૨

કેહે સુક 'એહે તો સાચુ કહુ, દષ્ટ ભરીને મેં તો લહુ
સરવ સરખુ નથી તાંહાં કોયે, કહુ પટંતરે તે તુ જોય ૨૫૩
એક શંખ નદીમાં પડો, એક દખણાવંત સિર ચડો
એક તુંબી જે તરને સાથ, બીજુ ભીખારીને હાથ ૨૫૪
એક પાખાણ એ દેહેરે પુજાયે, બીજો પરીહટ શલા થાયે
એક મણી કરોડાં કાંમ, બીજો મણી તો દે દસ દાંમ ૨૫૫
એક અશ્વ અનોપમ દીઠ, બીજો દદામો કૂટે પીઠ
એક નારી હોયે સંખણી, બીજી પદમની ને ચીત્રણી ૨૫૬
એક બ્રાહ્મણ તો ખેતી કરે, બીજો વેદ ચારે ઉચ્ચરે
એક કાષ્ટ કેરડા તણ, બીજુ બાવના ચંદન તણૂ ૨૫૭
એક જલ સરોવર–તીર, બીજુ ગંગા જલનાં નીર
એક મોતી કાચનું કેહેવાયે, બીજુ મુગતાફલ લાખ સવાયે ૨૫૮
એક બંધવ દુરબલ હવાલ, બીજો તો બેસે સુખપાલ
એક સુત્ર સવારીયે શેર(?), બીજુ મોઘુ બેસે મેર (?) ૨૫૯
એક તીલ ઘાંણી પીલાયે, બીજો શીવ સમીપે જાયે
એક ફલ અમરત-ફલ હાર, બીજા પુર બુર(?) કંટક–સાર ૨૬૦
ડાબો કર કૂડો કેહેવાયે, બીજા કરથી ભોજંન થાયે
એક પરથવી પર હવન જ હોયે, બીજે ઠાંમ ન જાયે કોયે ૨૬૧
એક ધોરી સરકારે ઘેર, એક કઠીયારાને ઘેર
એક વાંણવટી વ્યાપાર, બીજો શીર ઉપાડે ભાર ૨૬૨
નાગરવેલ તણૂ એક પાંન, બીજુ બદરી કેરુ રાંણ
સુભ ફલ રુડુ તે સહકાર, બીજુ કાચકી કહુ અપાર ૨૬૩
નાંમ એક છે પણ ગુણ ઘણાં, એક રાજા બીજાં રંક જ તણા' ૨૬૪

## દુહો

કહે પરધાંન 'તુ સુ કહે, પણ આ તલે નહી તેલ
માહારુ માંન માને નહી, મીથા લવરી મેહેલ ૨૬૫
પડો દાઝ રુદયા વીખે, તન ટલે આણી જાત
તમ અખર છઠી તણા, જમ પટોલે ભાત ૨૬૬
પરહરી પોતે પદમની, તે ગઈ પીતાને ઘેર
વરસ એક તો વહી ગયુ, કોણે ન જાંણી પેર ૨૬૭
રાજા ભોલવાઇ ગયો, વજીર તણે મન વેર
હાડવેરે જે વેધાયો, રાખુ હૈડે ઝેર ૨૬૮

વરસ એક તો વહી ગયુ, થયુ રાયને જાણ
મુજ માટે એ પરણી, મેહેલી પીહર પ્રમાંણ ૨૬૯
પરસપેરે ઘણૂ પ્રીછવો, વૈરોચંન પરધાંન
હેત દેખાડે અતી ઘણૂ, દે ભરી સભામાં માંન ૨૭૦
પણ તેણે મંન માંનુ નહી, તેડી નહી તે નાર
એક દીવસ નંદરાયજી, કીધો મન વીચાર ૨૭૧
રાય પરધાંન બે નીકલા, રમાવને શીકાર
સેન સાથે બીજુ નહી, ઘેર નાંહોનો રાજકુમાર ૨૭૨
રમી શીકાર પાછા વલા, નેનવતી જે ગાંમ
નેનસુખ વેહેપારીયો, આવા બે તે ઠાંમ ૨૭૩
તે સસરો પરધાંનનો, આવી લાગો પાયે
હેત ભાવ અદકા કરા, બહુવીધ કરો પસાયે ૨૭૪
'ધન ધરતિ ધન ગાંમ એ, ધન આવા રાજાંન
ધન ભાગ એ માહારુ, ધન આવા પરધાંન' ૨૭૫
ઢાલા પાટ કંચન તણા, વેરાં પુષ્પ ચોહો પાસ
કુમકુમ છડા દેવરાવીયા, રંગા મોહોલ અવાસ ૨૭૬
તરીયા તોરણ બાંધીયા, મોતી પુરા ચોક
દુધે ઉંબર ધોઈયા, આજુઆલા એમ ગોખ ૨૭૭
ચંદન કસ્તુરી અરઘજા, મરદંન કરાં શરીર
ફુલેલ તેલ મરદન કરાં, નાવણ કાજે નીર ૨૭૮
ભોજન કીધાં ભાવતાં, શાક પાક મેવા પકવાંન
મુખવાસ લવંગ ને એલચી, બીડા બાસઠ પાંન ૨૭૯
ભોજન કરીને ઉઠીયા, ઢાલા ઢોલ એકાંત
ઢાલા પાસા સોગઠાં, ભાજવા મનની ભ્રાંત ૨૮૦
સસરો સેવા કાંમમાં, સ્ત્રીને દીપક હાથ
રાયે પરધાંન તે ઠાંમ છે, ચારે શોભીત સાથ ૨૮૧
રાયે પરધાંન ભીરુ થયા, જોવા સરખી જાત
એક મેરાં નેનાવતી, જોડે તેહેનો તાત ૨૮૨
લાગી ઝડ પાસા તણી, સહુને મન છે ખેદ
પેહેલી વાત સસરે કરી, ભાજવા મંનનો ભેદ ૨૮૩
'પોહોબાર પડે જેહેને કરે, તે સત સાચો હોયે
ન પડે તે જુઠો જાંણવો ખેદ ન કરસો કોયે' ૨૮૪
જામાત્ર કહે 'સાચા તમો, નાંખો પાસા આ ઠાર
તમારુ કુલ છે નીરમલૂ, હવડાં પડસે પોહોબાર' ૨૮૫

(સસરો)–'ગંગોદક નીરમલ જસૂ, જેહવુ પવીત્ર છે વાર
તેહેવુ ફૂલ હોયે માહારુ, તો પડ પાસા પોબર' ॥૧॥ ૨૮૬
(રાજા)–'હંસ ગયો સરવર વીખે, દીઠુ અમૃત વાર
પીધા વણ પાછો વલો, રે પડ પાસા પોહોબાર' ॥૨॥ ૨૮૭
(પ્રધાન)–'જે વાટે કેસરી ગયો, અતી રજ તરણ અપાર
સૂકે ખડ તે સો વસા, પડ પાસા પોહોબાર' ॥૩॥ ૨૮૮
(પદ્મિની)– 'સીહ–મુછ ભોયંગ–મણી કરપી–ધન સતી નાર
પરહરે પ્રાણ પરહથ જસે પડ પાસા પોહોબાર' ॥૪॥ ૨૮૯

## ચોપૈ

ત્રણ તણાં પડા પોહોબાર, પરધાંન મંન કરો વીચાર
જોતામાં તે ઝાંખો થયો, પણૂયેષુ (?) રહીને બોલ જ કહો ૨૯૦
'બીજી વાર નાંખે દા પડે, તો માહારે મંન અચરત અડે'
લીધા પાસા સસરે હાથમાં, નાખા સહુ દેખે સાથમાં ૨૯૧
(સસરો) –'અંબે અંબફલ ઉતરે, કદલી કેળાં સાર
બરાસ ન છંડે વાસના, રે પડ પાસા પોહોબાર' ॥૧॥ ૨૯૨
(રાજા)–'મહા પરતો જાંણે દેવનો, ગયા પુંજણ તે ઠાર
દરશણ પણ સ્પરશણ નહી, પડ પાસા પોહોબાર' ॥૨॥ ૨૯૩
(પ્રધાન)–'અમલ હી અમલી પીયે જુએ આંખ જો જાર
અગને ઘૃત ન ઉકેલે તો પડ પાસા પોહોબાર' ॥૩॥ ૨૯૪
(પદ્મિની)–'તેજી તાજણ સેહે નહી સૂરો ન સહે માર
કવેણ સતી સેહે નહી રે પડ પાસા પોહોબાર' ૨૯૫

## ચોપૈ

એહેવી વાત સંભલાવી કરણ, પોહોબાર પડા નાંખા જણ ત્રણ
પાંણીથી પાતલો થઈ ગયો, બલીયો થવાને બોલ જ કહો ૨૯૬
'ત્રીજી વાર પડે પોહોબાર, તો રે અચરત એહ અપાર' ૨૯૭

## દુહો

(સસરો)– 'સીત સમાંને સુંદરી, દીધી ધરમ વીચાર
સોવૃણ શાંમ લગે નહી, રે પડ પાસા પોહોબાર' ॥૧॥ ૨૯૮

(રાજા)– 'અમૃત પ્રીસૂ થાલમાં, કરવા અમ્રત આર
દાખુ પણ ચાખુ નહી, પડ પાસા પોહોબાર' ॥૨॥ ૨૯૯
(પ્રધાન)–'મીની આગલ પયે રેહે, અગન રેહે જો ઠાર
ભુખા આગલ ભોજન રેહે, તો પડ પાસા પોહોબાર' ॥૩॥૩૦૦
(પદ્મિની)–'ઈશ્વર બેલી સાચનો, નોધારાં આધાર
રાખે સત સતી તણૂ, તો પડ પાસા પોહોબાર' ॥૪॥ ૩૦૧
પો પડા બાર ત્રણે જાહેરે, વજીર હલુયો પડો તાહારે
ઓસીયાલો થઈને બોલીયો, પરદો આપ મનનો ખોલીયો ૩૦૨
'કેહેવાયે છે તે વેદ જ ચાર, ફરી નાંખો સહુયે પોહોબાર
ચોથું વચન કોહોથી નવ ફરે' સસરો વહુ તેનું તો કરે ૩૦૩

### દુહો

(સસરો)– 'સંસારમાંહે સત વડુ, પ્રીછે નહી કો પાર
તે સત હોયે જો મુજ ઘરે, તો પડ પાસા પોબાર' ॥૧॥ ૩૦૪
(રાજા)–'અમુલક દીઠ અવનવુ, લોભે ગઓ તે ઠાર
દીઠુ પણ લીધુ નહી, પડ પાસા પોહોબાર' ॥૨॥ ૩૦૫
(પ્રધાન)–'બગ આગે મેડક રહે, શીયહ આગે હાર(?)
હંસ આગે મોતી રહે, તો પડ પાસા પોબાર' ॥૩॥ ૩૦૬
(પદ્મિની)–'સત અસત ન આચરે, સતી જીપે નહી જાર
સૂરજ સાથી તેહનો, તો પડ પાસા પોહોબાર' ॥૪॥ ૩૦૭

### ચોપૈ

પોહોબાર પડા ત્રણે જણ તણા, ન પડા પ્રધાંને નાખા ઘણા
તે પરધાંન ઝંખો તે ઠાર, તોહે મન માંહે રાખો ખાર ૩૦૮
શસ્ત્ર તણા ઘા રુઝે સહી, ઘરૂણીના ઘા રુઝે નહી
રમતાં જમતાં વીતી રાત, પેહે ફુટે થયો પરભાત ૩૦૯
નારી તેડાનો કરો વાયદો, મન માંહે રાખો કાયદો
રાખુ ઝેર તો તેણે ચીંત, અશ્વ સજી બે ચાલ્યા પંથ ૩૧૦
માહા ભયાનક વનમાં જાયે, નથી પાસ બીજો કો સાહે
આવા વાવડી કેરે તીર, નીરમલ તે માંહે છે નીર ૩૧૧
પાસે ચાંપાનુ છે ઝાડ, ઉતરા છાંહો તલે ટાઆડ (?)
રત તો ઉષ્મકાલ તણી, તરખા લાગે સહુને ઘણી ૩૧૨
રાજા પેઠો પીવાને નીર, લખુ કવીત ભિતે તેની તીર ૩૧૩

### દુહો

'હણે વાઘ સહુ જંતને, માંસઆહારી કેહેવાયે
મન વીસવાસ રાખો સહુ, પણ આપ બચાં નવ ખાય' ૩૧૪
એમ લખિ પાછો વલો, આવો જલથી બાર
પરધાંન જલ પીવો ગયો, લખા અખર તે ઠાર ૩૧૫
વાંચા અખર ખીજો ઘણૂ 'એ સુ લખીયો આંક
આપડાહા થાય ઘણૂ, પરનો કાડે વાંક' ૩૧૬
'ભુખાને મંન ભાવ સો, અણાથને શી આથ્ય
જાર મન શી દીકરી, વિલસે માબેહેન સાથ' ૩૧૭
પાણી પી પાછો વલો, લખા આંક પરધાંન
બીજી વાર પીવા ગયો, રીઝીને રાજાંન ૩૧૮
અખર વાચા પરધાંનના, પોતે લખીયો લેખ
'સમઝી નાં'ણીસ ખરખરો, દુખ ન ધરસો રેખ ૩૧૯
ગયંદ વસ અંકૂસને, નારી વશ છે શરમ
અરણવ વસ મુરજાદ છે, તમ રાજાને વસ ધરમ' ૩૨૦

### ચોપૈ

એહેવુ લખી આવો રાજંન, જલ પીવા પેઠો પરધાંન
તે વાંચી ઉતર આપે લખો, ક્રોધ અતીસે મનમાં રખો ૩૨૧

### દુહો

'માહા તરસો જાયે તલાવમાં, દેખે અમૃત તોયે
જોયે તરસ છીપે નહી, પાછા વલે નહી કોયે' ૩૨૨

### ચોપૈ

એહવુ લખી આવો પરધાંન, દીધાં મહીપતે બહુ માંન
વાંચી અખર ચીતમાં ચીંત, પાછુ લખીયુ એક કવીત્ત ૩૨૩

### દુહો

'રતનજડીત્ર હોયે મોજડી, પણ શીશ ન બાંધે નેટ
પાલી રુડી કનકની, કોયે ન મારે પેટ' ૩૨૪

## ચોપૈ

એહેવુ કરી બાહારે આવીયો, ખાર રુદે અદકો લાવીયો
વલી રાયે લખુ એક મરમ, આંણી હેત અદકેરુ પરમ ૩૨૫
તે વચંન પરધાંને વાંચીયુ, અદકુ દુખ રદે સાંચીયુ
વલી લખુ આંણીને દુખ, 'સૂ મુને ઉપજાવે સુખ ૩૨૬

## દુહો

'હેતે સુ વીખ પીજીયે, અમૃત કોયે ન ખાયે
પેટે પાલી મારીયે, વેળા તેહેવી રખાયે' ૩૨૭
તે વાંચી રાજા લખે, છેલો અખર આંક
'ડાહા ચીતમાં નવ ધરે, જો માંહાં પડો હોયે વાંક ૩૨૮
મુરખ તો માંને નહી, માંને ચતુર સુજાંણ
સત ગયુ તેહનુ સબ ગયુ, બોલે વેદ પુરાંણ ૩૨૯
સત આધાર રહી મેદીની, સત દીવાકર સુર
તે સત જેણે મુકીયુ, તે ગયો વહંતે પુર ૩૩૦
રાખીયે પટંતરો પાંદડે, તેહ જાંણે વહેવાર
તે પરદો ભાગી જસે, તારે ભાગસે ભાર' ૩૩૧
તેહ વજીરે વાંચીયુ, લખીયુ છેલુ ભેદ
'અજા સુ કરે બાપડુ, સીંહ સુ રાખી ખેદ ૩૩૨
શીલ શત ડાહાપણ ગયુ, ગયુ મમતાને માંમ
સત પાંણી વેહતે ગયુ, જારે પ્રગટુ કાંમ ૩૩૩
પુત્ર મીત્ર વાહાલુ નથી, નહી દમડો ને દાંમ
પંડીત પરધાન વાહાલુ નહી, જારે પ્રગટો કાંમ ૩૩૪
નાત જાતનો ભય નહી, નહી ગોત્રજ ગુણ–ગાંમ
રાજા પરજાનો ભય નહી, જારે પ્રગટો કાંમ ૩૩૫
અલખાંમણી આખી મેદની,અલખાંમણો ઇષ્ટ શીવ શાંમ
અલખાંમણો આપે આતમા, જારે પ્રગટો કાંમ ૩૩૬
સુખ નહી સુતાં સેજડી, અસુખ તો આઠે જાંમ
નવ ભોજન નીદ્રા નહી, જારે પ્રગટો કાંમ ૩૩૭
ગમે ન ઘર પુર મેડીયા, ગમે ન ધવલહર ધામ
ગમે ન વાત વીદ્યા તણી, જારે પ્રગટો કાંમ' ૩૩૮

### ચોપૈ

એહેવાં લખાં પરધાંને વરત, તેહે રાજાયે વાંચાં તરત
મોહોડે કો કોહોને નવ કહે, લખી પટંતરે છાંનો રહે ૩૩૯
રાજા કેહે 'લખુ એક વાર, જો મુરખ મુકે અહંકાર' ૩૪૦

### દુહો

'કમલ નીત જલમાં રહે, નેક ન લોપે નીર
કાંમ ન ભેદે તેહને, જેહેનુ સુદ્ધ શરીર ૩૪૧
જીભને ચીગટ નવ અડે, સોને નાં અડે શામ
ગુણ અવગુણ નવ અડે, ગાંનીને ન ભેદે કાંમ ૩૪૨
અગન બાલે સરવને, પણ મંન બાલુ નવ જાયે
કામ તો જીતેં સરવને, પણ ગાંની નવ જીતાયે ૩૪૨ ક
વહાલુ પાખંડ અજાંણને, હરીજંનને વહાલો રાંમ
ધરમી વાહાલો ધરમ છે, કાંમીને વાહાલો કાંમ' ૩૪૩

### ચોપૈ

રાયે લખી આવ્યો બારણે, પ્રીત પરધાંન તણે કારણે
લખો પરધાંને એક જ બોલ, ઉતારવા રાજાનું તોલ ૩૪૪

### દુહો

'ઉમયા સીવ જીતો નહી, જીતો નહી શ્રી રાંમ
બ્રંમાદીક જીતો નહી રે, એહ અજીત છે કાંમ ૩૪૫
જીતો નહી રવી ચંદ્રમાં, જીતો નહી શીવ શાંમ
જીતો નહી શ્રી વ્યાસજી એહ અજીત છે કાંમ ૩૪૬
જીતો નહી માહા મુનીવરે, જીતો નહી કો લોક
હુ જીતુ કહે કાંમને, જે સહુ જાંણો ફોક ૩૪૭
ભણવુ લખવુ કવી ચાતુરી, સહેલ વાત છે એહે
કાંમદહન મન–વશકરણ, ગગન–ચડણ દુખ તેહે ૩૪૮
મુરખ તે જીતુ કેહે, માંને તેહેનાં પાપ
સહુને મન ભેદી રહો, એહ અજીત છે આપ ૩૪૯

કો ડાહો થઈ બોલસે, રાખી પોતાનો ભાર
તેહેને લેજો ઓલખી, તે મુરખનો સરદાર ૩૫૦
હવે અપર રખે લખો, ડાહા થઈને આપ'
પરધાન કહે 'માનુ અમો, તો બ્રહ્મહત્યાદીક પાપ' ૩૫૧

## ચોપૈ

બેઠા બે જણ ઠાંમે ઠરી, હેત પ્રીત સુ વાતો કરી
મહીપત હેત દેખાડે ઘણાં, બોધ ન માંને પાપી તે તણાં ૩૫૨
કોડ વાર કહુ સુ કથી, કપટ રાજાને મન નથી
સુતો રાજા તેણે દીસ, પરધાંનને ખોલે મુકુ શીસ ૩૫૩
ભરનીદ્રા થઈ જાહારે, વજીર વીચાર કરો તાહારે
અહરુપરુ અદકેરુ જોયે, મનુખ્ય નામ ન દીઠુ કોયે ૩૫૪
પુરવ વેર મનમાં ભાવીયુ, ઝેર આંખ માંહે આવીયુ
કાઢી પાલી ને મંન ચલે, વાહી પાપીયે રાજાને ગલે ૩૫૫
દુષ્ટ પરધાંન તે થયો અજાંણ, મારો રાજા ચતુર સુજાંણ
ઘાલો ઉડો ભુમાં ધણી, હત્યા તે મનમાં નવ ગણી ૩૫૬
ચાંપે બેઠો માલી ચડી, દીઠુ કષ્ટે અચરત અડી
મનમાં તે થરથર ધ્રુજીયો, સઘળી વાત સાચી સુજીયો ૩૫૭
આવો પરધાંન પોતે ગામમાં, અતી ઉલટ ને આનંદમાં
પરથમ ઘેર રાજાને ગયો, ખબર પુછીને સાચો થયો ૩૫૮
'સુતા કે બેઠા છે રાયે, ગયા વાડીયે કે મોહોલા માહે
નીકલા એકઠા જુજુયા વલા, પાંચ દીવસ થયાં નથી મલા' ૩૫૯
મલી વરણ અઢારે લોક, મહીપત વીયોગે પામા સોક
રાંણી પુત્ર બહુ દુખ જ ધરુ, જેહે કરવુ ઘટે તે કરુ ૩૬૦
સહુને ચીંતા વ્યાપી ઘણી, આસા મુકી રાજા તણી
થયો વાટ જોતે એક માસ, થયાં નીરાશ ને મુકી આસ ૩૬૧
કાંઈક શોક કરો મન તાજ્ય, તે પુત્રને બેસારો રાજ
વજીર મોહોટો ને નાંહાનો રાય, કારભાર એમ ચાલો જાયે ૩૬૨
આવો માલી પોતે ઘેર, પોતે કહી નહી કોહોને પેર
'મોટાં માણસનીવાત નવ કરુ, વણખુટે તે શાંને મરુ' ૩૬૩
કોહોને વાત જણાવી નહી, આપ રુદેમાંહે તે ગ્રહી
ચેતો પોપટ પોતાને મંન, 'એ પાપીયે મારો રાજન ૩૬૪

સૂ કરુ જો લુણ જ ખાયુ, નહી તો હવડાં ચેતાવા જાયુ
અનેક પાપ બીજુ છે ઘણૂ, નહી કો લુણહરામી તણૂ ૩૬૫
એહનુ કરુ ભોગવસે એહ, એહ વાતમાં તો નહી સંદેહ'
એમ કરતે સંવછર થયુ, તાહા સુધી તો છાંનુ રહુ ૩૬૬
છાંનુ ન રહે દેહમાંનુ દુખ, છાંની ન રહે જે લાગી ભુખ
છાંની ન રહે નારીની પ્રીત, છાંની ન રહે જે ઘરની રીત ૩૬૭
છાંનુ ન રહે જે અમલ જ પીયે, છાંનુ ન રહે જે દાંન જ દીયે
છાંની ન રહે વાંસાની ખાજ, છાંની ન રહે ભીતરની દાજ્ય ૩૬૮
છાંની ન રહે કીરત કો તણી, છાંની ન રહે જે વીદ્યા ભણી
છાંનો ન રહે દાતા ઝુઝાર, છાંનો ન રહે રાગે ગાનાર ૩૬૯
છાંનો નવ રહે દેવાંસી દેહે, છાંનો ન રહે વરસો મેહે
છાંની ન રહે ખસબોઈ જેહ, ઉતમ મધમ કેરી તેહ ૩૭૦
છાંનુ ન રહે કોહોનું આપ, છાંનુ ન રહે હડકાયુ પાપ ૩૭૧

### દુહો

ચાંપાં લેઈ માલી ગયો, વજીર તણે તે ઘેર
'કમ તુ મોડો આવીયો', પ્રહાર કરો બહુ પેરે ૩૭૨
પ્રહાર કરો તે અતી ઘણો, ચડી ઘણેરી રીસ
'આજ થકી ચુકી જસો તો, તો ખેદીશ તાહારુ શીશ' ૩૭૩

### ચોપૈ

આવ્યો ઘેર માલી વન તણો, વ્યાપો ક્રોધ રુદેમાં ઘણો
પેહેલી વાત થઈ જેટલી, કાંમની આગલ કહી તેટલી ૩૭૪
'એહ વજીર પાપી કેહેવાયે, મારો આપણો એણે રાયે
ચાંપે બેઠાં મેં તો લહુ, આટલે દાઢે તુજને કહુ' ૩૭૫
સ્ત્રી કેહે 'રાજા પાસે જાયું, એ વધાઈ આગલથી ખાયું
લેવરાવુ હવડાં એ વેર, સાંખી કમ રહુ ઝાજુ ઝેર' ૩૭૬
તે માલીયે ઘસીયા હાથ 'સીદ કરો મે સ્ત્રીનો સાથ
રાંક વરણ ન જીરવે ધંન, ન જીરવે કાચી લંઘન અંન ૩૭૭
કાયરને મન ન રહે ધીર, મીની – ઉદરમાં ન રહે ખીર
પારો પેટ ન રહે ટુકડો, જેવો બેહેચરનો કુકડો ૩૭૮

વનીતા પેટમાં ન રહે વાત, શાહાસ્ત્રે સાખ તેહેની સાખ્યાત'
માલીની વારી નવ રહી, એકાંત રાણી પાસે ગઈ ૩૭૯

કહો સરવ પેહેલો દ્દષ્ટાંત, ભાગી મન તણી તો ભ્રાંત
'ચંપા હેઠે દાટો છે રાયે, હજી અસ્ત પડાં તેહ માહે' ૩૮૦

તેહે રાંણીનું માંનુ મંન, તેડો પાસ પોતાનો તંન
સઘલી વાત સમઝાવો સૂત્ર, સઘલી પેર પ્રીછો તે પુત્ર ૩૮૧

અંતકરણમાં આંણી રીસ, પગની ઝાલ લાગી જઈ શીશ
તેડો વજીર આવો છે તાંહે, 'કેહે રે રાજા માહારો કાંહે ૩૮૨

રખે વચન જુઠુ તુ કરે, એમે કાલ ખુટો તે મરે
નહી મુકૂ તુજને આ દીશ, નીચ પાસ ખેદાવુ શીશ' ૩૮૩

તેહે પરધાંન નાંમુકરી ગયો, કોડી થયે કૂડો નવ થયો
તેહેને સાથ તેડીને પલે, ગયા ઝાડ ચાંપાને તલે ૩૮૪

દાટાં'તાં તે કાઢાં અસ્ત, સાચી નીકલી સઘલી વસ્ત
નગરલોકે દીઠુ દ્દષ્ટ, સહુકો પાંમા મનમાં કષ્ટ ૩૮૫

નાંખાં અંસ્ત ગંગાની તીર, આવો કૂઅર તાહાં રણધીર
પરધાંન ને બાંધી આણીયો, પીતા તણો ખુની જાંણીયો ૩૮૬

'સાચુ બોલ ઉભો અઘાટ, રાજા તેં મારો શા માટ
આહામે મરનારો તો મરે, જુઠી વાત તે શાહાંને કરે ૩૮૭
'સાંભલ રે રાજાના પુત્ર, તુજ આગલ કહુ સાચો સૂત્ર
મુજને ઘોડા લેવા મોકલો, માહારે મોહોલે આવો એકલો ૩૮૮

માહારી જુવતી સૂરમીયો જાર, તે માટે આવ્યો મુજ ખાર
નારી પોપટ ત્રીજો રાયે, માહારે મોઢે નામુકરી જાયે ૩૮૯

તે તો વૈર હૈઇડે ધારીયો, તાહારો પીતા તો મે મારીયો' ૩૯૦

### દુહો

કહે કૂઅર 'પરધાંન સૂણ, એહેવો નહી મુજ બાપ
પ્રીત દેખાડે તુ ખરી, તો ખુન કરુ હુ માપ' ૩૯૧

પોપટ આંણો પાંજરે થકી, દીધી હત્યા ચાર
'કોહેનો પખ રાખીસ માં, કેહે વારુ વહેવાર' ૩૯૨

સૂક કેહે 'મે પેહેલુ કહુ, પણ માંનુ નહી પરધાંન
સ કેહીયે એ ફરી ફરી, એહેને હૈડે નહી સાંન ૩૯૩

### ચોપૈ

મહીપતે મંમ માંનની સૂ ધરુ, એહેને કાઢી મેહેલો તે ખરુ
કુંડલ આપુ તે તો પ્રતીહાર, આવો રાજા એ રાજદુવાર ૩૯૪
તાંહાં મે તો કહ્યા પ્રતીબોધ, નાંણો નંદરાજાએ ક્રોધ
સમઝો સતવાદી મન માંહે, ગલુ આપ અંતકરણ તાંહે ૩૯૫
આવુ જ્ઞાંન મનડામાં ગલો, પસલીમાં વીટી આપી વલો
ઘેર પરધાંન આવો જાહેર, સાચાં ઈધાંણ દીઠાં તાહારે ૩૯૬
મે – તારે સમઝાવો મરમ, ઈશ્વરે રાખો છે ધરમ
એહ મુરખ નવ માંને ખરુ, જેહેનુ મનડુ ઠેરે ભરુ ૩૯૭
દુરબલ પરોણે કૂણ રાંધે ખીર, કાંબલીયે કૂણ ખાલે ચીર
એ તો સાચુ બોલા ઓમ, મન જાંણો તે કરજો તમો' ૩૯૮

### દુહો

કેહે વજીર 'મે મારીયો, પોપટને અદકો પ્રહાર
તે માટે મુને મારવા, આજ કાડે છે ખાર ૩૯૯
આજ હુ સંકટમાં પડો, જે કરશો તે સહેસ
વણ-વાંકે જો મારસો, તો વેર પરલોકે લેસ' ૪૦૦

### ચોપૈ

કેહે કૂઅર 'સાંભલ રે તુ, ખરા વીનો નહી મારુ હુ'
તેડી આંણી પરધાંનની નાર, તેહને મન દીધી હત્યા ચાર ૪૦૧
'જો સાચુ બોલે વેહેવાર, તો ઉગરે તાહારો ભરથાર' ૪૦૨

### દુહો

'સંતી સત જો ચુકસે, તો શેષ ધરે કમ ભાર
બ્રહ્માંડ બાધૂ ત્રુટી પડે, જે રહુ છે સત-આધાર ૪૦૩
સતનો સુરજ્ય સાખીયો, સત બેલી સહુ કોયે
સતી સત ચુકે નહી, જો કૂલ ઉજ્વલ હોયે ૪૦૪
કોહો તો અગન ઉપાસીયે, કોહો તો રાંધૂં ખીર
હસ્તી બાંધૂ કાચે તાંતણે, રાખુ હૈડે ધીર' ૪૦૫

## ચોપૈ

કહે પરધાંન 'જેહેને માથે પડે, તે વણ-પાગે મેરુ ચડે
રાંધે અંન અગનીમાં જાયે, તે સતી નહી સૂરી કેહેવાયે ૪૦૬
જે કાચે તાંતણે બાંધે ગજ, તે અસ્ત્રીચરીત કેહેવાયે ધજ
માટે એ જુઠી છે નાર, ગમે તો વણ-વાંકે માર' ૪૦૭
મલી ખલક જોવાને ઘણી, સ્ત્રી ચાલી તે સલીતા ભણી
વજીરને વનીતાયે કહ્યુ, લાખ પ્રકારે તે નવ લહુ ૪૦૮
'તું કમ માંને જે સાચી વાત, વીસ્વ સાંભલે તંમ કહે વાત
અગની વીના હુ બાલુ દેહે, જો તારો જાતો હોય સંદેહે' ૪૦૯
પરધાંન કહે 'તારે તો સાચ, માંનુ વનીતા તાહારી વાચ'
રેત તણો કીધો અંબાર, સ્નાંન કરી બેઠી તે નાર ૪૧૦
સકલ લોક કરે છે હાસ, અગની ઇંધાંણ નથી કાંઈ પાસ
સ્તુત કીધી શ્રી સૂરજ તણી, 'તુ નોધારાં કેરો ધણી ૪૧૧
તુ દીન તણો બંધૂ કેહેવાયે, બુડતાંને બાહે તુ સાહે
ત્રીગુણ દેવ તમો છો આપ, જગત જસ પુરણ પરતાપ ૪૧૨
લોક ચડાવે અદકૂ આલ, ઉતાર મુજ માથેથી ગાલ
જુઠી હઉ તો નીરમુખ મેહેલ, નહી તો સહુ સતીમાં ભેલ' ૪૧૩
શામા સ્તુતી સૂરજની કરે, સકલ મેદની દ્રષ્ટે ભરે
અંત્રખ-થકી સૂરી નર જોયે, તેહેને દ્રષ્ટે ન દેખે કોયે ૪૧૪
બ્રંમા વીષ્ણુ રુદ્ર માહારાજ, મન ધરે કાંમની ને કાજ
ધગધગી નેત્ર થયા અંગાર, માહા ભયાનક ઉઠી ઝાલ ૪૧૫
દીઠુ અચરત લોકે ઘણુ, ધ્રૂજ્યું અંગ વજીરજ તણુ
કાંમની કેહે 'સાંભલ રે કંથ, હવે માનું છે તાહારુ ચીંત ૪૧૬
વલી અચરત સંદેહે હોય, તુ બોલ જે મન માંહે હોય'
તારે દુષ્ટ બોલો તે વાંણ, 'સાંભલ નારી તુહ અજાંણ ૪૧૭
અગનીનુ ઉપાસંન હસે, તાહારી કાયા પ્રલે થસે
એણે સાચુ નવ માંનુ હુ, વણ-અગની દેહ બાલે તુ ૪૧૮
ખરુ માંનુ હુ તાહારું મંન, જારે જીવે એહે રાજંન
સાચો જો પરમેશ્વર હસે, તો રાજા ઉઠી બેઠો થસે ૪૧૯
સજીવન થાયે રાજાનો આંક, બાધૂ ગાંમ જાંણે તમ વાંક
કૂડો હતો તે મારો અમો, વણ-મોતે મારો છો તમો' ૪૨૦
દુષ્ટ તણી વાંણી મન ધરી, નારી અગન થકી નીસરી
લાગી ઝાલ મનમાંહે ઘણી, સ્તુત કીધી તાંહાં ધરતી તણી ૪૨૧

'તુજ સરખી ગરુઈ નહી કોયે, હું તો તાહરે શરણે હોયે
સહુ કોનુ તું ખુદુ ખમે, ધરમી અધરમી સહુ તુજમાં શમે ૪૨૨
તમ થકી શષ્ટી-મંડાંણ, પંચામાભુત તે તુ પરમાંણ
તુ બ્રંમા તુ વીષ્ણુ રુપ, તુ શકતી ને શીવ સ્વરૂપ ૪૨૩
તનથી ઉત્પત પ્રલે તુજ માંહે, તુ નોધાંરાંની બે બાંહે
વગર-વાંકે ચડે છે આલ, સતવાદી રાજાને શીર ગાલ ૪૨૪
સાખાત દેવાંસી દેહને, માથે મેહેણૂ લાગે તેહેને
શીતાને શીર મેહેણૂ ચડું, વગર-વાંકે સંકટ પડું ૪૨૫
એકે ન સૂઝો તેહેને લાગ, દીધો વેહેર આપો તેં માગ
આ પાપી નવ મુકે કેડો, આપો વેહેર તુજ માંહે તેડો ૪૨૬
નીકલંકને નવ તેડો આપ, તુજ ઉપર થાયે તે તુજને પાપ
આ વેલાં તો તુ એક આહે, દે વેહેર તો કામ જ થાયે' ૪૨૭
ધરતી થઈ ગઈ બે ભાગ, નારી પાંમી રુડો લાગ
ઉતરે ધરતીમાં જેટલે, કૌતક એક થયુ તેટલે ૪૨૮

### દુહો

શેષનાગ પ્રથવીપતી, તેણે વીચારુ આપ
'નીકલંક કલંક થઈ આવસે, તો મારે સિર પાપ' ૪૨૯
અવધૂત થઈ આવીયો, કારમુ કોયે સરુપ
કાંમનીનો કર ઝાલીયો, વીસમે પામો ભુપ ૪૩૦
'મરે સા માટે માનની, કેહે રે તાહારુ દુખ
જખ મારે આ લોક સહુ, કમ પાંમે આ સૂખ' ૪૩૧
'વણ-વાંકે રાજા હણો, તે કમ જીવે આપ
કલંક ન ઉતરે માહારુ, શમે નહી મુજ તાપ' ૪૩૨
કાંમની અવધૂત મેદની, આવાં ચંપા ઝાડ
કાઢો અસ્તનો કરકડો, ગયો એકાંતે આડ ૪૩૩
અમ્રત અસ્ત અડાડીયુ, સજીવન થયો તે રાય
જલ પી વાવેથી નીસરો, અવધૂત અલોપી થાય ૪૩૪

### ચોપૈ

શેષનાગે શીખા કહી, ધરતી તો મલીને રહે
જયે જયે શબદ થયો જેટલે, રાજા મુખ બોલો તેટલે ૪૩૫

'શા માટે મલો સહુ સાથ, વજીર તણા કમ બાંધા હાથ'
કૂઅર વાત માંડીને કહી, ખરી ખબર રાજાને થઈ ૪૩૬
ગાજતે વાજતે આવા ઘેર, પ્રીછો પરધાંનની સરવે પેર
સલી દેવા માંડો તેહે, ઉગારો રાજાયે નેહે ૪૩૭
'એહ ગરીબનો શાંહાંનો વાંક, પડો દાઘ અખરનો આંક'
પરધાન પાગ લાગો તે ઘણો, 'મેં અપરાધ કરો તમ તણો ૪૩૮
હવે મેલ માહારો તો ગયો', નીકલંક તે રાજા તો થયો
નીરમલ થઈ નારીની દેહ, સહુને દુધે વુઠા મેહે ૪૩૯
જુગમાં વરતો જયજયકાર, રાખો ઈશ્વરે સહુનો ભાર
રખે કરો પરનારી-સંગ, અલેખે દુખ પાંમે તે અંગ ૪૪૦
રાવણ દસ સીસ કીધાં તાજ્ય, ખોહુ લંકા ઘડનું રાજ
સ્ત્રીથી ખાંપણ લાગુ ચંદ્ર, સ્ત્રીથી સહસ્ત્ર ભગ પાંમો ઈંદ્ર ૪૪૧
સ્ત્રીથી કૈચક સોયે શમા, સ્ત્રી થકી પાંડવ વંનમાં ભમા
સ્ત્રીથી દુખ પાંમા બહુ ઘણા, સ્ત્રીથી કૌરવ સરવે હણા ૪૪૨
નારીને પાગે લાગીયે, દુર રહી મેહેનત માગીયે
સ્ત્રી આરાસૂર અંબા ધણી, તે સૂ પ્રીતી રાખીજે ઘણી ૪૪૩
પાંચ પદારથ તેથી મલે, પાતીક પાંચ જનમનાં બલે
સ્ત્રીની કેડ તો નવ કીજીયે, સ્ત્રીનો અંત તો નવ લીજીયે ૪૪૪
રાજા સતવાદી માહા સુખ, દ્રષ્ટે જોતો પાંમો એ દુખ
સત હતુ તો આખર તરો, જસ જુગ બાધાંમાં વીસ્તરો ૪૪૫
કાંન સણૂ માંનો ના કોયે, ડાહા ચતુર તે જુગતે જોયે
દ્રષ્ટે જોયુ તે પરમાંણ, પ્રીછે પુઠ તે નાંમ અજાંણ ૪૪૬

## દુહો

નંદરાય તણી કથા, ડાહાપણ ચાતુરી ભેદ
શ્રોતા વગતા જન સહુ, ખોડ મ દેશો ખેદ ૪૪૭
શ્રીય નગર સોહાંમણૂ, વેગનપૂર ગુણ–ગ્રાંમ
શ્રી ગોડ માલવી વીપ્રસૂભ, સાંમલજી કલો નાંમ ૪૪૮
સૂત શ્રી વીરેસ્વર તણો, ખરી તેહની ખાત
પુરણ માતર પરગણે, વીખાંણ થઈ છે વાત ૪૪૯
શીહુજ ગાંમ શીરોમણી, પુરભુમી પવીત્ર
વીરેસ્વરજી વીસ્વપતી, દેવાધીદેવ માહા મીત્ર ૪૫૦

નવે ખંડમાં નાંમ સૂભ, પરતખ પરતો આપ
તાંદુલનો મોદીક ચડે, પુરણ જસ પરતાપ ૪૫૧
ધાદ સાજો તીલંગથી(?), વડો વીરેસર દેવ
સૂર સનકાદીક આદ્ય સહુ, સદા કરે છે સેવ ૪૫૨
કણબી કરણ સમો વસે, ભોજ સમો દાતાર
સકલ કલા ગુણ ચાતુરી, લખણ વીસ ને બાર ૪૫૩
અ–અઢાર(?) લેઉયાં માહે, જસ લાખીણી લાજ
કાયુજી ફૂલ કલ્પવૃખ છે, જેહ કરે પર-કાજ ૪૫૪
વાસણ-વંશે અંશપત, મનજી સૂત મેહેરાંણ
રખીદાસ રાજસ વડો, બાધા વીશ્વ વીખાંણ ૪૫૫
તેણે તેડુ મોકલૂ, તેડો સાંમલ કવીરાજ
પુરાંણ કરાં પ્રીતે ઘણાં, શાહાસ્ત્ર અનુસારે આજ ૪૫૬
ઉપગાર કરો તેહેને અતી ઘણો, વસૂધા વસ્ત્ર ધનધાંન
ખાનપાંન સંપત સૂખી, મનસા સીધે માંન ૪૫૭
સીહાસંનબત્રીસીની, કથા કહી બત્રીસ
નંદ તણી વધતી કથા, કહી દીધી આસીસ ૪૫૮
સુંદર-સૂત શ્રી વીરજી, રહીજા-સૂત કલાંણ
મનજી-સુત રખીદાસનું, માહારાજ રાજ મેહેરાંણ ૪૫૯
કાયૂજી કેરા વંશને, સદાસરવદા સૂખ
દીર્ઘાયુ રાણા દર્સોદને, ભટાં ભાગી ભૂખ ૪૬૦
સભ સૂત તે સૂરશંઘનો, ગુણસાગર ગુમાન
પસાય કરો તેહને પ્રીત-સૂ, તે રખીદાસ મેહેરાંણ ૪૬૧
ગાય શીખે ને સાંભલે, મનનાં પોહોચે કોડ
સાંમલ કેહે સહુ બોલજો, જય જય શ્રીરણછોડ ૪૬૨

---

* 'નંદબત્રીસી'નો આ પાઠ ભારતીય વિદ્યા સંશોધન ગ્રંથમાળા-૨૪, શામળ ગ્રંથાવલિ-૩, 'શામળ ભટ્ટ કૃત 'નંદબત્રીસી' - અને કસ્તુરચંદની વારતા', સંપાદકો : ઈંદિરા મરચંટ, રમેશ જાની, સામાન્ય સંપાદક : હરિવલ્લભભાયાણી, ભારતીય વિદ્યાભવન, મુંબઈ, ૧૯૬૭ – માંથી સાભાર ઉદ્ધૃત કર્યો છે.